


સમૂહલગ્ન : ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ દ્વારા શહેરના ઓપન એર થિયેટર ખાતે સમૂહલગ્ન યોજાયા હતા. પ્રતિવર્ષ યોજાતા સમૂહલગ્નમાં સમાજ યુવક - યુવતીઓએ નવવધુએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા. સમાજના અગ્રણીઓએ સામાજિક ક્રાંતિ માટે સમૂહલગ્નની અનિવાર્યતા દર્શાવી હતી. આ પ્રસંગે વિવિધ રાજકીય મહાનુભાવો અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

## ખૂણે ખાંચરેથી...

● આજે રાજ્યના નાણાંમંત્રી સૌરભભાઈ પટેલ તેમજ દેના બેંકના ચેરમેન અશ્વિનીકુમાર બ્લોક નં. ૪માં લિફ્ટ માટે લાઈનમાં પાંચ મિનિટથી પણ વધુ સમય માટે ઉભા રહ્યા હતા.

● ૧લી મે ગાંધીનગરમાં ગૌરવ દિનની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ રન ફોર ગુજરાતમાં જિલ્લાના તમામ અધિકારીઓને ફરજીયાત હાજર રહેવાનો પરિપત્ર કરાયો છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની સત્તા માટે ચીઠ્ઠી ઉછાળવાની વાત આજે ટોક ઓફ ધી ટાઉન રહી હતી.

● આરોગ્ય તંત્રની વાર્ષિક કામગીરીની સમીક્ષા માટે આજથી બે દિવસીય બેઠકનો આરંભ થયો છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના જનસંપર્ક અધિકારી આહિર વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.

● ગુજરાત યુનિ.એ હવે દરેક વિદ્યાશાખામાં કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ દાખલ કરવાનો નિર્ણય કરી તે અંગેના હુકમો પણ જારી કરી દીધા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જે રીતે ભાવ વધે છે એટલે ચિંતાની વાત જ નથી... આપણે બધા આર્થિક ધોરણે ગરીબ થઇ જ જાશું... અને અનામતનો લાભ લઇશું...!!

# પ્લેન ક્રેશમાં પુત્ર ગુમાવનાર પિતાએ વિરહ સહન ન થતાં કેનાલમાં ઝંપલાવ્યુ

ગાંધીનગર, તા. ૨૪

દિકરા વત્સલની અણધારી વિદાયને સહન ન કરી શકનાર સે. ૪માં રહેતા પ્રકાશ ઉપાધ્યાયે આખરે કેનાલમાં ઝંપલાવી અને પોતાના જીવનનો અંત આણતાં સમગ્ર સેક્ટરમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ક્રોએશિયામાં પ્લેન અકસ્માતમાં મૃત્યુ પામનાર કેપ્ટન વત્સલના પિતા ઉદ્યોગભવનમાં સરકારી નોકરી કરતા હતા. પ્રકાશ ઉપાધ્યાયએ ગાંધીનગર નજીકથી પસાર થતી સુઘડ કેનાલમાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યુ છે. સ્વ. પ્રકાશના મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢી આજે ગાંધીનગર સિવિલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લવાયો ત્યારે પરિવારજનો અને સ્નેહીજનોના આક્રંદથી સિવિલ કેમ્પસમાં ગમગીની છવાઈ ગઈ હતી.

ગાંધીનગર નજીકથી પસાર થતી સુઘડ નર્મદા કેનાલમાંથી મોડી સાંજના સુમારે એક આધેડનો મૃતદેહ મળી આવ્યો છે. અડાલજ પોલીસે મૃતકની તપાસ કરતા માલુમ પડ્યું કે એક વર્ષ પહેલા પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા પુત્રના વિયોગમાં ઝુરતા હોવાથી તેના પિતા પ્રકાશ ઉપાધ્યાયએ આ અંતિમ પગલું ભર્યુ છે. અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અડાલજ પોલીસ મથકના કોન્સ્ટેબલ અમરતભાઈ પેટ્રોલીંગમાં હતા ત્યારે તેમણે મોડી સાંજે સુઘડ કેનાલ પાસે એક્ટીવા નજરે પડ્યું હતું. એક્ટીવાની તપાસ કરતા તેમાંથી મોબાઈલ, ચાવી અને ચિઠ્ઠી મળી આવ્યા હતા. પોલીસે કેનાલમાં તપાસ કરતા મૃતદેહ નજરે પડ્યો હતો. આ મૃતદેહ ગાંધીનગરના સેક્ટર-૪માં રહેતા પ્રકાશભાઈ મૃગટલાલ ઉપાધ્યાયનો હતો. પોલીસે મૃતદેહ બહાર કાઢી પી.એમ. અર્થે ગાંધીનગર સિવિલ ખાતે મોકલી આપ્યો હતો. જ્યારે મળી આવેલી ચિઠ્ઠીમાં મૃતકે ગત જૂન-૨૦૧૫માં ક્રોએશીયામાં પ્લેન ક્રેસમાં મોતને ભેટનાર પુત્ર વત્સલના વિયોગમાં આ અંતિમ પગલુ ભરી રહ્યો છુ. સેક્ટર-૪ ખાતે રહેતા મૃતકના પરિવારમાં જાણ થતા પરિવાર પર આભ તુટી પડ્યુ હતુ. સમગ્ર સેક્ટરમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતુ.

# આજે કે.જી. બેસીન કૌભાંડને લઈ કોંગ્રેસના ધરણાં યોજાશે

'હું ચોકીદાર છુ' સરકારની તિજોરી પર કોઈનો પંજો નહી પડવા દઉ' જેવા નાટ્યાત્મક સંવાદો બોલીને પ્રજાને ભરમાવીને કોઈપણ પ્રકારે સત્તા હાંસલ કરવાની મેલી મુરાદ ધરાવતા નરેન્દ્ર મોદીના શાસનમાં ગુજરાત સરકાર દ્વારા રૂ. ૧૯૭૦૦ કરોડનું જંગી કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની હકીકત કેન્દ્રના કમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલના અહેવાલમાં બહાર આવી છે.

ભ્રષ્ટાચાર મુક્ત શાસનની મોટી મોટી વાતો કરનાર ભાજપના કુશાસન, ભ્રષ્ટાચાર અને ગેરવહીવટની વિગતો બહાર આવી રહી છે ત્યારે ભાજપના નરેન્દ્ર મોદીના શાસન દરમ્યાનના આ ગેરવહીવટ અને ભ્રષ્ટાચારના કૃત્યોને પ્રજા સુધી પહોંચાડવા અને પ્રજાને સાચી હકીકતથી વાકેફ કરવા માટે સમગ્ર ગુજરાત રાજ્યમાં જિલ્લા તેમજ શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિઓ દ્વારા ધરણા-દેખાવો યોજી આવેદન પત્ર આપવાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા તેમજ શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે આવતીકાલ તા. ૩૦-૪-૨૦૧૬ને શનિવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે સત્યાગ્રહ છાવણી, સે. ૬, ગાંધીનગર ખાતે ધરણા-દેખાવો યોજી કલેક્ટરશ્રી ગાંધીનગરને આવેદન પત્ર આપવામાં આવશે.

# લારી-ગલ્લાની ભાડુ વસુલાત માટે તંત્રએ નોટીસો ફટકારી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાના લારીગલ્લા શાખા દ્વારા છેલ્લા કેટલા સમયથી ભાડુ ભરતા નથી એવા દુકાન માલિકો સામે કડક થઈ નોટીસની બજવણી હાથ ધરવામાં આવેલ છે, તેના અનુસંધાનમાં સેક્ટર-૬ અને સેક્ટર-૭માં આવેલા ૧૬ માઈક્રોશોપીંગ/કેબીન ધરાવતા લોકોને રૂપિયા ૫.૫ લાખની વસુલાત માટે નોટીસો ફાળવવામાં આવી છે. હવે બાકી રહેતા મોટા સેક્ટર-૧૦ અને સેક્ટર-૨૧ની બાકી રહેલા ભાડાની વસુલાત માટે નોટીસની બજવણીની કાર્યવાહી કરવામાં આવશે.



ઉનાળાની બળબળતી ગરમીમાં જયાં માનવી ત્રાહિમામ પોકારી ઉઠે છે ત્યાં વન્યજીવોની તો હાલત જ શું પુછવી? વળી આ સમયે સર્જાતી પાણીની અછત સ્થિતિને વધુ દયનીય બનાવે છે. આકરી ગરમીના દિવસોમાં ગીરની શાન ગણાતા એશિયાટિક સિંહોને પણ પાણીની જરૂરિયાત વધુ વર્તાય છે. આ સમયે રાજયના વન વિભાગ દ્વારા આવકારદાયક પગલાં રૂપે ગીરના જંગલમાં બનાવાયેલા પાણીના પોઈન્ટસ સિંહો સહિત તમામ વન્ય પ્રાણીઓ માટે વરદાનરૂપ સાબિત થઈ રહ્યા છે. આવા જ એક પાણીના પોઈન્ટ પર રાતના સમયે એક સિંહણ જયારે પોતાની તરસ છીપાવી રહી હતી ત્યારે ગાંધીનગરના યુવા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર તિર્થરાજસિંહ જાડેજાએ પોતાના કેમેરામાં કંડારી લીધી હતી.

# દ્વારકેશ રેસિડેન્સીમાં ચેસ સ્પર્ધાનો પ્રારંભ

## સોસાયટીના રહીશો દ્વારા રાત્રિના સમયે આયોજિત ચેસ સ્પર્ધાથી બાળકો ટીવીના વળગણથી વિમુખ થઈ રહ્યા છે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે દ્વારકેશ સોસાયટીના રહીશો દ્વારા વિવિધ રચનાત્મક અને સકારાત્મક પ્રવૃત્તિઓ વારંવાર હાથ ધરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાં રાષ્ટ્રભાવના, સામાજિક જવાબદારી તથા સ્પોર્ટસ સહિત વિવિધ મુદ્દે જાગૃતિ વિષયક કાર્યક્રમો યોજવામાં આવે છે. તાજેતરમાં જ દ્વારકેશ પ્રિમિયર લીગ નામથી રાત્રિના સમયે સોફટબોલ ક્રિકેટ ટૂર્નામેન્ટનું સફળ આયોજન કરાયા બાદ હવે અહીં ચેસ સ્પર્ધા યોજવામાં આવી છે.



દ્વારકેશ રેસિડેન્સી વાવોલ આશરે દોઢસો ફલેટ ધરાવતી સોસાયટી છે. સોસાયટીના સંચાલક મંડળ દ્વારા યોજવામાં આવતી વિવિધ પ્રવૃત્તિ અંતર્ગત રહીશો માટે હાલ રાત્રિના સમયે ચેસ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં કુલ ૨૨ ખેલાડીઓએ ભાગ લીધો છે. આ સ્પર્ધામાં ૧૪ વર્ષથી નીચે અને ૧૪ વર્ષથી ઉપરના એમ બે વિભાગોમાં આયોજિત આ સ્પર્ધા સોસાયટીમાં સંકુલના રાત્રે ૯.૩૦ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી રમાડવામાં આવે છે. આ સ્પર્ધાનો હેતુ બાળકોમાં રમત પ્રત્યેની રૂચિ વધે તથા ચેસ જેવી રમત દ્વારા બાળકોની વૈચારિક ક્ષમતાનો વધુ વિકાસ થાય તે માટેનો છે. સ્પર્ધાના આયોજન માટ સોસાયટીના પ્રમુખ સંજય પંડયા તથા અન્ય હોદ્દેદારો સહિત યુવા સ્વયંસેવકો જહેમત ઉઠાવી રહ્યા છે.

વેકેશનના સમયે આયોજિત આ ચેસ સ્પર્ધાના કારણે બાળકો ટીવીના વળગણથી મુકત થઈ સોસાયટીના અન્ય સભ્યો સાથે ભળી રહ્યા છે. તેમજ સોસાયટીની મહિલાઓ દ્વારા પણ આ સ્પર્ધાને પ્રોત્સાહક આવકાર સાંપડયો છે.

# દંઢાવ વિસ્તારના બ્રહ્મભટ્ટ સમાજના બાળકોને વિના મૂલ્યે નોટબુકો મળશે

દંઢાવ વિસ્તારના બ્રહ્મભટ્ટ સમાજના પરિવારના ધો-૫ અને તેથી ઉપલા વર્ગો તેમજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જેમના વાલીની વાર્ષિક આવક એક લાખથી વધુ ના હોય તેવા માટે નોટબુકો તેમજ ચોપડાઓનું વિના મૂલ્યે વિતરણ કરવાનું હોવાથી નિયત ફોર્મ મેળવી સમાજના મહામંત્રીને તા. ૧૨મી મે સુધીમાં આપવાનું રહેશે. સવારે ૧૦થી ૧૨ અને સાંજે ૪ થી ૬ દરમિયાન શ્રી વાસુદેવભાઈ એન. અજબાણી-મહામંત્રી પ્લોટ નં. ૪૬૮/૨, સેક્ટર-૩-સી, મો. ૯૪૨૮૦ ૨૯૫૪૦નો સંપર્ક કરવો.

# મુખ્યમંત્રીનો પ્રજાજોગ સંદેશ આકાશવાણી દૂરદર્શન કેન્દ્ર પરથી પ્રસારિત થશે

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના રાજયના નાગરિકોને ગુજરાત સ્થાપના દિવસ અંતર્ગત પ્રજાજોગ સંદેશનું પ્રસારણ તા. ૩૦ એપ્રિલ અને તા. ૧લી મે, ના રોજ આકાશવાણી અને દૂરદર્શન પરથી થવાનું છે.

શ્રીમતી આનંદીબહેનનો આ પ્રજાજોગ સંદેશ આવતીકાલ શનિવારે રાત્રે ૮ થી ૮.૧૫ સુધી આકાશવાણીના ગુજરાતના તમામ કેન્દ્રો પરથી પ્રસારિત થશે. મુખ્યમંત્રીશ્રીનો આ સંદેશ દૂરદર્શન ગિરનાર દ્વારા તા. ૧લી મે, રવિવારે સવારે ૮.૩૦ તથા સાંજે ૬.૧૦ કલાકે પ્રસારિત થશે.

